પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૨૮ | ૧૮ જુલાઈ, ૨૦૧૯, ગુરુવાર; અષાઢ વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# કુલભુષણની ફાંસીની સજા પર રોક

**સજાની સમીક્ષા થશે : ભારતની તરફેણમાં ૧૫-૧થી ચુકાદો : પાકની દલીલો ફગાવાઈ : ઇન્ટરનેશનલ કોર્ટના ચુકાદા બાદ ભારતીય હાઈકમિશન જાધવને મળી શકશે વકીલ-સુવિધા આપશે : સજાને રદ કરવા, જાધવની મુક્તિની માંગ ફગાવાઈ**



હેગ, તા. ૧૭

કુલભૂષણ જાધવના મામલામાં ભારતને ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસમાં મોટી સફળતા હાથ લાગી છે. પોતાના ૪૨ પાનાના ચુકાદામાં ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસ (આઈસીજે) દ્વારા જાધવની ફાંસીની સજા ઉપર રોક લગાવીને પાકિસ્તાનને સજાની સમીક્ષા કરવા માટે આદેશ કર્યો છે. સાથે સાથે જાધવ સુધી ભારતને કાઉન્સિલર એક્સેસ આપવા માટે પણ આદેશ કર્યો છે. પાકિસ્તાને સજાની સમીક્ષા માટે આદેશ કરવામાં આવતા પ્રતિષ્ઠાને મોટો ફટકો પડ્યો છે. આઈસીજે દ્વારા પોતાના આદેશમાં કહેવામાં આવ્યું છે કે, ભારતને કાઉન્સિલર એક્સેસ ન આપીને પાકિસ્તાને વિયેના સમજૂતિનો ભંગ કર્યો છે. પાકિસ્તાનને કહેવામાં આવ્યું છે કે,

તે ભારતીય નાગરિક જાધવને આપવામાં આવેલી ફાંસીની સજા ઉપર ફેરવિચારણા કરે તથા તેની સમીક્ષા પણ કરે. જાધવને સજાની સમીક્ષા સુધી તેમને આપવામાં આવેલી ફાંસીની સજાને સસ્પેન્ડ કરી દેવામાં આવી છે. પાકિસ્તાનની એક લશ્કરી અદાલતે જાધવને ભારત તરફથી જાસુસી કરવા અને આતંકવાદમાં સામેલ હોવાના મામલામાં દોષિત ઠેરવીને ફાંસીની સજા ફટકારી હતી. ૨૧મી ફેબ્રુઆરીના દિવસે આઈસીજે દ્વારા ચુકાદો અનામત રાખવામાં આવ્યો હતો. ચુકાદો આપતા આઈસીજેના પ્રમુખ અબ્દુલ કવી અહેમદ યુસુફે પાકિસ્તાનને કુલભુષણ સુધીર જાધવની સજા ઉપર ફેરવિચારણા કરવા અને અસરકારક સમીક્ષા કરવાનો આદેશ કર્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

## આસામ-બિહારમાં પુરની સ્થિતી વણસી

**આસામમાં ૩૦ જિલ્લાઓ અને બિહારમાં ૧૬ જિલ્લાઓ પુરના સંકજામાં આવ્યા : બિહારમાં મોત આંક ૩૬ થયો**



ગુવાહાટી-પટણા,તા. ૧૬

બિહાર અને આસામાં પુરની સ્થિતી આજે વધારે વણસી ગઈ હતી. આ બે રાજ્યોમાં પુર અને ભારે વરસાદ સાથે સંબંધિત બનાવોમાં મોતનો આંકડો વધીને ૬૦ ઉપર પહોંચી ગયો છે. બિહારમાં પુરના કારણે ૩૬ લોકોના મોત થઈ ગયા છે. જ્યારે આસામમાં ૨૪ લોકોના મોત થયા છે. બંને રાજ્યોમાં જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયુ છે. બંને રાજ્યોમાં અસરગ્રસ્ત વિસ્તારોમાં બચાવ અને રાહત કામગીરી ચાલી રહી છે. સ્થિતીમાં સુધાર થવામાં હજુ પણ સમય લાગી શકે છે. બીજી બાજુ ઉત્તરપ્રદેશમાં ૧૪ લોકોના મોત થયા છે. બે રાજ્યો સાથે ઉત્તરપ્રદેશને પણ આવરી લેવામાં આવે તો મોતનો આંકડો ૭૪ ઉપર પહોંચી ગયો છે. ભારે વરસાદના કારણે નીચાણવાળા વિસ્તારો તો જળબંબાકાર થઈ ગયા છે.

● અનુસંધાન પાન-૭ પર

# પાકિસ્તાનમાં કુખ્યાત આતંકવાદી હાફિઝની ધરપકડ

**કાઉન્ટર ટેરેરિઝમ ડિપાર્ટમેન્ટ દ્વારા ધરપકડ કરી જેલ ભેગો કરાયો : આતંકવાદ વિરોધી કોર્ટમાં કેસની સુનાવણી વેળા હાજરી આપવા જઇ રહ્યો હતો ત્યારે મુંબઈ હુમલાના માસ્ટરમાઈન્ડની ધરપકડ : પાકિસ્તાન પર નજર**

ઈસ્લામાબાદ, તા. ૧૭

મુંબઈમાં ત્રાસવાદી હુમલાના માસ્ટરમાઈન્ડ અને પ્રતિબંધિત જમાત ઉદ દાવાના લીડર હાફીઝ સઈદની આજે પાકિસ્તાનના પંજાબ પ્રાંતના કાઉન્ટર ટેરેરિઝમ ડિપાર્ટમેન્ટ (સીટીડી) દ્વારા ધરપકડ કરવામાં આવ્યા બાદ ખળભળાટ મચી ગયો હતો. દુનિયાના મોસ્ટ વોન્ટેડ આતંકવાદી હાફિઝ સઈદની ધરપકડ કરવામાં આવ્યા બાદ તેને જેલ ભેગો કરવામાં આવ્યો છે. જો કે, આ કોઈ પાકિસ્તાનની ચાલ છે કે કેમ તે સંદર્ભમાં હજુ સુધી માહિતી મળી શકી નથી. પાકિસ્તાન ઉપર આતંકવાદીઓની ધરપકડ કરવા ભારત અને અમેરિકા સહિતના દેશો તરફથી દબાણ વધી રહ્યું છે. આવી સ્થિતિમાં આજે પાકિસ્તાનમાં હાફિઝ સઈદની ધરપકડ કરવામાં



આવ્યા બાદ તેનો જેલ ભેગો કરવામાં આવ્યો હતો. આતંકવાદી ગતિવિધિઓને પ્રોત્સાહન આપવા અને ભારતમાં આતંકવાદી હુમલા કરવામાં તેનો હાથ રહેલો છે. તેની સામે અનેક પેન્ડિંગ કેસો રહેલા છે. લાહોરથી ગુજરાનવાલા જઈ રહ્યો હતો ત્યારે તેની ધરપકડ કરવામાં આવી હતી. આતંકવાદ વિરોધી કોર્ટ સમક્ષ ઉપસ્થિત થવા માટે લાહોરથી ગુજરાનવાલા જતી વેળા તેની ધરપકડ કરી લેવાઈ હતી. તેને જ્યુડિશિયલ રિમાન્ડ ઉપર તરત જ અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ધરાવનાર કોટલખપત જેલમાં મોકલી દેવામાં આવ્યો હતો. હાફિઝ સઈદના નેતૃત્વમાં જમાત ઉદ દાવા લશ્કરે તોઈબા માટે ફ્રન્ટ સંગઠન તરીકે કામ કરે છે. લશ્કરે તોઈબા વર્ષ ૨૦૦૮માં મુંબઈ હુમલા માટે જવાબદાર છે.

● અનુસંધાન પાન-૭ પર

## પાકિસ્તાનમાં રૂપિયો ડૉલર સામે ૧૬૦ને પાર

ઈસ્લામાબાદ,તા.૧૭

ભારત પાસેથી કાશ્મીર ખૂંચવી લેવાના સપના જોતા શેખચલ્લી પાકિસ્તાનની આર્થિક હાલત વધારે ને વધારે ખરાબ થઈ રહી છે. હવે પાકિસ્તાનમાં ઓટો કંપનીઓએ પોતાનુ પ્રોડક્શન રોકવાના મૂડમાં છે. આમ પાકિસ્તાનમાં બેરોજગારીમાં હજી પણ વધારો થઈ શકે છે. બીજી તરફ પાકિસ્તાનનો ગગડી રહેલો રૂપિયો અટકવાનુ નામ નથી લઈ રહ્યો. પાકનો રૂપિયો ડોલર સામે હવે ૧૬૦ પર પહોંચી ગયો છે.

પાકિસ્તાનની સેન્ટ્રલ બેંકે વ્યાજદર વધારીને ૧૩.૨૫ ટકા કરી નાંખ્યો છે. જેના કારણે હવે કંપનીઓને લોન પેટે વધારે વ્યાજ ચુકવવુ પડશે. આમ ઉદ્યોગો માટે તો પડતા પર પાટુ જેવી સ્થિતિ છે.

## આખરે એનઆઈએ સુધારા બિલ રાજ્યસભામાં પસાર

**એનઆઈએની તાકાત અનેકગણી વધી ગઇ છે : અમિત શાહ : સુધારા બિલ પસાર કરી દેવામાં આવ્યા બાદ એનઆઈએ હવે એવી વ્યક્તિને પણ ત્રાસવાદી જાહેર કરી શકશે જેના સંબંધ ત્રાસવાદ સાથે હોવાની શંકા છે**

નવીદિલ્હી, તા. ૧૭

નેશનલ ઈન્વેસ્ટિગેશન



એજન્સી સુધારા બિલ ૨૦૧૯ રાજ્યસભામાં બહુમતિ સાથે પસાર કરી દેવામાં આવ્યું છે. આ બિલ પાસ થઈ ગયા બાદ રાજકીય સુરક્ષા એજન્સીની તાકાતમાં વધારો થશે. અત્રે નોંધનીય છે કે, વર્તમાન સુધારા બાદ ગેરકાયદે ગતિવિધિઓને રોકવા માટે કાયદાની પેટા યાદી ચારમાં સુધારા કરીને એનઆઈએએ એવા લોકોને આતંકવાદી જાહેર કરી શકશે જેના સંબંધ ત્રાસવાદીઓ સાથે હોવાની આશંકા રહેલી છે. વર્ષ ૨૦૦૮માં મુંબઈમાં થયેલા આતંકવાદી હુમલા બાદ વર્ષ ૨૦૦૯માં એનઆઈએની રચના કરવામાં આવી હતી. આ હુમલામાં ૧૬૬ લોકોના મોત થયા હતા. વર્ષ ૨૦૧૭થી કેન્દ્રીય ગૃહમંત્રાલય દ્વારા બે કાયદા પર વિચારણા ચાલી રહી હતી જેથી નવા પડકારોને પહોંચી વળવા માટે

● અનુસંધાન પાન-૭ પર

પ્રથમ માસિક પુણ્યતિથિએ
ભાવભીની અંજલિ



સ્વ. જ્યોતિન્દ્ર વ્યાસ

વટવૃક્ષ સમાન વિશાળ પરિવારને સંપ, સહકાર અને
સત્યતાનો માર્ગ બતાવનાર, જીવનની સુમધુર સુવાસ ફેલાવનાર
એવા પરોપકારી સ્વભાવના આત્માને અમો કદી નહી ભૂલીએ....

પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના...

મયૂરી જ્યોતિન્દ્ર વ્યાસ
કુણાલ જ્યોતિન્દ્ર વ્યાસ
પૂર્વી કુણાલ વ્યાસ
શર્વી ● ધારક
સમગ્ર વ્યાસ પરિવાર


પૂજા પાર્લર, સેક્ટર-૨૧, ગાંધીનગર

# કર્ણાટક ગઠબંધન સરકાર અંગે આજે ફેંસલો

નવી દિલ્હી,તા. ૧૭

કર્ણાટકમાં એચડી કુમારસ્વામી સરકારના ભાવિનો ફેંસલો આવતીકાલે થનાર છે. વિધાનસભામાં ૧૮મી જુલાઈના દિવસે વિશ્વાસમત ઉપર ચર્ચા થનાર છે. બીજી બાજુ સુપ્રીમ કોર્ટના આદેશ બાદ ગૃહમાં બહુમત પરીક્ષણ પહેલા ગણતરીનો દોર શરૂ થઈ ગયો છે. સુપ્રીમ કોર્ટે સાફ શબ્દોમાં કહ્યું છે કે, ૧૫ અસંતુષ્ટ ધારાસભ્યોને ગૃહમાં કાર્યવાહીમાં સામેલ થવા માટે ફરજ પાડી શકાય નહીં. આનો મતલબ એ થયો કે, આ ધારાસભ્યો બહુમત પરીક્ષણ વેળા ગૃહમાં હાજર રહે કે ન રહે તે નિર્ણય તેમના પોતાના ઉપર રહેશે. સુપ્રીમ કોર્ટના આદેશ બાદ સ્પીકર

● અનુસંધાન પાન-૭ પર




રીપેરીંગ હોમ સર્વિસ
એ.સી. સર્વિસ, ઈન્સ્ટોલેશન, કમ્પલેન, વૉશીંગ મશીન, માઈક્રોવેવ ઓવન, ઘરઘંટી, ગેસ ગીઝર, ઈલે. ગીઝર, ફ્રિઝ અને દરેક પ્રકારનું ઈલેક્ટ્રીક કામ ઘર બેઠા રીપેરીંગ કરાવો.
જયશ્રી મહાકાલી સર્વિસ એન્ડ રીપેરીંગ
નિતિન રાવલ
મો. ૮૮૪૯૫ ૦૧૭૮૦

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225